# ભારતમાં ATM ની મોંઘી બનતી સગવડો : PSU બેન્કો દ્વારા અંકુશિત ATM

રિઝર્વ બેન્કે તાજેતરમાં એટીએમના ફ્રી ટ્રાન્ઝેશનની સંખ્યામાં ઘટાડો કર્યા છે. અને બેન્કોને નિશ્ચિત સંખ્યાથી વધુ ટ્રાન્ઝેશન માટે ગ્રાહક પાસે થી ચાર્જ વસુલ કરવાની મંજુરી આપી છે. અન્ય બેન્કના એટીએમના ફ્રી ટ્રાન્ઝેશનમાં ઘટાડો કરવાના રિઝર્વ બેન્કના નિર્ણયની વ્યાપક અસર થશે.

નવેમ્બરથી અન્ય બેન્કના એટ-ીએમ પર મહિનાના ત્રણ કરતા વધુ ટ્રાન્ઝેશન કરશો તો ટ્રાન્ઝેશન દીઠ રૂા. ૨૦ના ચાર્જ લાગશે. ઉપરાંત ગ્રાહક પોતાની જ એટીએમના મહિનામાં પાંખ વખત કરતા વધુ ઉપયોગ કરે તો તેની પાસેથી પણ ચાર્જ વસુલ કરવાની રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ મંજુરી આપી છે.

રિઝર્વ બેન્કે ૨૦૦૯માં અન્ય બેન્કોના પાંચ એટીએમ ફ્રી હોવાની જાહેરાત કર્યા પછી બેન્કો અન્ય બેન્કોના એટીએમ વપરાશ પર ટ્રાન્ઝેશન દીઠ રૂા. ૧૧૫ થી ૯૦નો ચાર્જ વસુલતી હતી થોડા સમય પછી ઉપાડના ટ્રાન્ઝેશનનો ચાર્જ ઘટાડીને રૂા. ૨૦ અને બિનનાણાકીય ટ્રાન્ઝેશનના ચાર્જ રૂા.૯ કરવામાં આવ્યો હતો.

દર મહિને થતા એટીએમ ના વ્યવહારો ૫૫.૪ કરોડ

રિઝર્વ બેન્કની જાહેરાત પછી બેન્કો એટીએમ ના વપરાશ પર ચાર્જિસ લેવાની માંગ સતત કરતી હતી. જોકે રિઝર્વ બેન્કે ચાર્જ વધારવાની બેન્કોની આ ઈચ્છા માન્ય ન રાખી અને ઉપાડ ના ટ્રાન્ઝેશન માટે મહતમ ચાર્જની મર્યાદા જાળવી રાખી હતી.

પીએસયુ બેન્કો દ્વારા અંકુશિત એટીએમના સેન્ટરોમાં બેન્કના એટ-ીએમ એટીએમના વ્યવહારો આ પ્રમાણે છે.

(૧) વિદેશી બેન્કો (૨) ખાનગી ભારતીય બેન્કો (૨) પીએસયુ બેન્કો

ના ટકા આંકડામાં કુલ એટીએમ ૩૦ થી ૯૯ ટકા વ્યવહારોનું પ્રમાણ ૨૧ થી ૭૮ ટકા સુધી સોદાઓનું મુલ્ય ૨૯ થી ૭૦ ટકા સુધી છે.

એટીએમના વપરાશમાં બિનનાણાકીય ટ્રાન્ઝેશનની પણ ગણતરી કરવામાં આવે છે. જેમાં બેલેન્સ ઈન્કવાયરી કે મિની



સ્ટેટમેન્ટની રિકવેસ્ટનો સમાવેશ થાય છે. તેના માટે એટીએમના ઉપયોગ

**રાજાઈ ખુશી**



એસ.વાય.બી.બી.એ.
બી.પી.કોલેજ ઓફ બીઝનેશ એડમીનીશટ્રેશન, ગાંધીનગર

કરતા એટીએમ નો વિકલ્પ પસંદ કરો મોટા ભાગની બેન્કો ખાતાનું બેલેન્સ પસંદ કરો મોટા ભાગની બેન્કો ખાતાનું બેલેન્સ ચેક કરવા, મિની સ્ટેટમેન્ટ માટે એસએમએસ સુવિધા આપે છે. આ વિકલ્પ એટીએમના ટ્રાન્ઝેશન બચાવી શકશે જેથી એટ-ીએમની સગવડ મોંઘી બનત આપણને મુશ્કેલી ન પડે આ બાબત મુંબઈ, દીલ્લી, ચેન્નાઈ, કોલકતા, બેંગ્લોર અને હૈદ્રાબાદમા 'લાગુ પડશે.

એક ડેબિટ કાર્ડમાં અન્ય બેન્કની એટીએમ પર વાર્ષિક ૩૬ અને પોતાની બેન્ક ના ૯૦ ટ્રાન્ઝેશન થઈ શકે છે. વધારાના એટીએમ ચાર્જ ટાળવા, બને ત્યાં સુધી ડેબિટ અને ક્રેડિટ કાર્ડના ઉપયોગ કરો જેથી તમારે બહુ રોકડની જરૂર નહી પડે જોકે આવુ કરતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે. કારણ કે કેટલાક ટ્રાન્ઝેશનમાં ચુકવણી નો ૧-૨ ટકા ચાર્જ લેવાતો હોય છે. જો આવુ થાય તો કાર્ડનો ઉપયોગ કરવાનો હેતુ નિરર્થક નીવડશે.

આમ તો ટ્રાન્ઝેશન દીઠ રૂ.૨૦નો ચાર્જ બહુ વધારે નથી. પરંતુ તમે એટ-ીએમના વપરાશમાં ધ્યાન ન રાખો તો દર મહિને મોટી રકમ ચુકવાનો વારો આવી શકે સમજણપુર્વકના આયોજન થી તમે વધારાના એટીએમ ચાર્જીસ ટાળી શકો. જોકે એટીએમ ચાર્જિસ ટાળવાના પ્રયાસમાં ઘરે વધુ રોકડ રાખવાને નુકસાનકારક પુરવાર થઈ શકે રૂ.૨૦ ની ટ્રાન્ઝેશન ફી બચાવવા માટે તમારે વ્યાજ ના નોધપાત્ર રૂપિયા ગુમાવવા પડી શકે.

એટીએમ દ્વારા ઉપાડનું બે ત્રણ દિવસ પહેલા આયોજન કરો છેલ્લી ઘડી એ નાણા ઉપાડવાનું ટાળો આવુ કરવાથી તમે તમારી બેન્કના એટ-ીએમનો ઉપયોગ કરી શકશો અને અન્ય બેન્કના એટીએમનો ઉપયોગ ટાળી શકશો. મોટાભાગની બેન્કોનો ફિલ ડેબિટ કાર્ડ માટે વાર્ષિક રૂ. ૮૦-૧૦૦ની ફી ચાર્જ કરે છે એક ડેબિટ કાર્ડમાં અન્ય બેન્કના ૯૦ ટ્રાન્ઝેશન થઈ શકે છે આ વિકલ્પ તાજેતરના વધારાના ચાર્જના નિયમ કરતા સસ્તા પડશે.

બિનનાણાકીય ટ્રાન્ઝેશન માટે એસએમએમસ, ફોન બેન્કિગનો ઉપયોગ કરશો.